

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'ક્મો' કારણે, 'સુરક્ષા' વિના સૂઈ નથી શકતા,*
*'ભય' કારણે સુરક્ષા વિના ફરી નથી શકતા!*
*પ્રજાના 'રક્ષકો' રહે સુરક્ષિત પ્રજાના પૈસે -*
*બીકણ નેતા 'નિર્ભયા' - રક્ષા કરી નથી શકતા*

### હાઈકુ

*આ નામર્દો ના*
*છૂટે છક્કા ભયથી -*
*બચાવે કોણ?*

*સૂના સીમાડે*
*મુઠ્ઠીમાં જીવ લઈ*
*જીવે છે પ્રેમ...*

### ચિંતન

**મા પુરા જસ્સો મૃથાઃ ।**

**ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.**

**વૃદ્ધાવસ્થા પહેલા મર નહિ... અથર્વવેદની માનવને આજ્ઞા છે કે તું વૃદ્ધાવસ્થા પહેલા ઘડપણ આવે તે પહેલાં અકાળે વૃદ્ધ થઈ જાય છે. રોગો આસિક્તાઓ - વ્યસનો કુટેવોમાં યુવાનીમાં જ આત્મહત્યા કે જીવતાં જ મૃતદેહ જેવા જીવતા હોય છે. શરાબ, માદર દ્રવ્યો, અનિયમિત જીવન ક્રોધ, અતિલોભ, આ બધા પણ મૃત્યુના દ્વાર જ છે.**

**આજકાલ માનવીને આત્મહત્યા જેવો સરળ રસ્તો મુક્તિ માટે મળી ગયો હોય એવું લાગે છે. જે લોકો મૃત્યુ પામ્યા છે. એવા સગાં-સંબીધી-મિત્રોનું મનન અને મૃત્યુનું ચિંતન પણ વહેલું. મૃત્યુ લાવે છે. જીવનમાં દીર્ઘાયુ અને હકારાત્મક વિચાર શ્રેણી મૃત્યુને દૂર રાખે છે.**

**'આત્મહત્યા' કરી ઉતાવળ કરવી એ ઈશ્વરની આજ્ઞા અને ઈચ્છાનો અનાદર કર્યો ગણાય. જીવન ઈશ્વરનું વરદાન છે. ઈશ્વરે પોતાના વતી એના પ્રતિનિધિ તરીકે આપણને અહીં કોઈક પ્રયોજન માટે મોકલ્યા છે એ પ્રયોજન પૂર્ણ થશે ત્યારે એ જાતે જ કોઈને કોઈ નિમિત્તે આપણને પોતાની પાસે પરત બોલાવી લેશે.**

### સુવિચાર

- કેળવણીનો માપદંડ માણસાઈ છે - **પ્રદ્યુમન ત્રિવેદી**
- યુનિવર્સિટી એ સમાજ-પરિવર્તન માપવાનું બેરોમીટર છે - **જેમ્સ પર્કીન્સ**
- ગલત નિમિત્ત મળવા છતાં સામી વ્યક્તિ પર ગુસ્સો ન કરીએ તો એ અલ્પવિરામ છે, સામી વ્યક્તિ પ્રત્ય દુર્ભાવ ન કેળવીએ તો એ અર્ધવિરામ છે, જો એને પ્રેમથી નવડાવી દઈએ એ તો પૂર્ણવિરામ છે - **પૂ.શ્રી જીનવિજય મહારાજ**
- સંપત્તિ ને આજના વર્ગે જેમ ખાનદાની સાથે જોડી દીધી છે, તેમ બુદ્ધિને આજના વર્ગે શાણપણ સાથે જોડી દીધી છે બંને અનુમાનો હૃદયની નિર્મળતા સાથે બંધાયેલું છે - **અખંડ આનંદ**
- બહારના ટેકાઓથી ઊભા રહેલા મકાનમાં રહેવામાં જેમ જોખમ છે તેમ બહારના પદાર્થોના આધારે જ મનની પ્રસન્નતા ટકાવી રાખવામાં વ્યસ્ત રહેવામાં એટલું જ જોખમ છે - **ધર્મલોક**
- વિદ્યાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ પ્રત્યે ભરપૂર પ્રેમ સિવાય બીજો સર્વોત્તમ નિયમ કે બીજી આકરી કસોટી કઈ હોઈ શકે - **રતિલાલ પટેલ**
- આજનું ઔષધ : દાઝેલા સ્થાન પર તરત હળદર પાઉડરની પાણીમાં પેસ્ટ બનાવી લગાવાથી બળતરામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સરદાર પટેલના રમૂજી સ્વભાવને કારણે એક વખત વાત વાતમાં જયપ્રકાશ નારાયણ અને તેમનાં પત્ની-પ્રભાવતીબહેનના દાંપત્ય જીવન અંગે થોડી રમુજ કરી. આ વાત એક હાજર કાર્યકરે સાંભળી. તેણે વાતમાં મીઠું-મરચું ભભરાવીન જયપ્રકાશને કહી. જયપ્રકાશે, સરદારને આ બાબતનો ઠપકો આપતો પત્ર લખ્યો. પત્ર વાંચીને સરદાર પટેલને દુઃખ થયું. એમણે જયપ્રકાશજીની માફી માગવા માટે પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, 'તમારા માટે મેં જે રમૂજ કરી હતી તેમાં તમારું દિલ દુભાવવાનો કોઈ જ આશય ન હતો. તમે હાજર હોત તો પણ હું આ રમૂજ કરી શક્યો હોત. તેમાં કોઈ અપ્રિય બાબત હતી જ નહી. અને આજે મને સમજાયું કે ભિન્ન વિચારસરણી વાળા સાથે નિર્દોષ રમૂજ પણ ન કરવી જોઈએ. તમારા બંને પ્રત્યે મને ખૂબ આદર છે. તમારા સુધી આ રમૂજ પહોંચાડનારની કંઈ સમજફેર થઈ હોય એવું પણ બને. હું આપને ફરીથી મારી માંગુ છું.' જયપ્રકાશજીએ આ પત્ર વાંચ્યો. તેમના મનમાં ઝબકારો થયો. કે મેં બીજાની વાત સાંભળી એક મિત્રની વાત પર ખોટું લગાડ્યું. મારાથી સરદાર ને સમજવામાં મોટી ભૂલ થઈ હોય તેવું લાગે છે. આવા વિચારથી તરત જ જયપ્રકાશજીનું દુઃખ હવામાં ઓગળી ગયું. તેઓની કાનભંભેરણી કરનારા પેલા કાર્યકરને ખખડાવી નાખ્યો. ભૂલ ન હોવા છતાં માફી માગનાર નેતા સરદાર વલ્લભભાઈ પટેલને વિનમ્ર નમન.

# દિલ્હીની દશા બેઠી છે

**તંત્રીસ્થાનેથી...**

કયારેક ઈંદ્રપ્રસ્ત તરીકે સમ્રાટ યુદિષ્ઠિરની રાજધાની રહી ચૂકેલી દિલ્હી કાળક્રમે પૃથ્વીરાજ ચૌહાણના પરાજય પછી વિધર્મી શાસકોના હવાલે થઈ. એનું સ્થાન અને માન આતતાયીઓ પણ સાચવતા રહ્યા. અંગ્રેજોને પણ એમની પ્રારંભિક બેઠક કલકત્તા હતી તે બદલવી પડી. દિલ્હીને ઘાતકી તૈમૂલ લંગથી માંડી શેરશાહ સૂરી જેવા દીર્ઘદ્દષ્ટા, નિઝામુદીન ઓલિયા જેવા સૂફી સંત અને મિર્ઝા ગાલિબ કે બહાદુર શાહ ઝફર જેવા શાયર જોયા. શાહજહાંએ એની રોનકમાં ચાર ચાંદ લગાવી દીધા અને પછી તો અઢારસો સત્તાવનનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ આવ્યો, એમાં અનેક લોકોએ શહીદી વહોરી. દિલ્હીમાં જ શીખ ગુરુઓનાં માથાં કાપીને સરેઆમ બધાંને નજરે પડે એમ ચાંદની ચોકમાં લટકાવાયાં.... આ એ જ દિલ્હી, જયાં આખરે ગાંધીજીની ચળવળને અંતે આઝાદીનાં પગરણ મંડાયા, ત્રિરંગો ફરક્યો. આજે એ વિશ્વનું એક ઐતિહાસિક મહાનગર છે. વસતિમાં પણ એ દુનિયાનાં સૌથી મોટાં શહેરોની પંગતમાં બેસે છે. પરંતુ એની અસલિયત શી છે? એ દુનિયાનું સૌથી પ્રદૂષિત નગર છે - એની હવા ઝેરીલી છે, પાણી ગંદુ છે. ત્યાં ખેલાતા રાજકારણના કાવાદાવા પણ દુનિયાની બીજી કોઈ રાજધાનીમાં ભાગ્યે જ ખેલાતા હશે. આજથી સાત વરસ પૂર્વે એ 'રેપની રાજધાની' તરીકેનું કલંક પામી ચૂકી છે. ત્યાં ગમે ત્યારે ભયંકર આગ ફાટી નીકળે છે. ઉપહાર સિનેમાગૃહમાં ચાલુ શૉએ આગ લાગી હતી અને કેટલાયે જીવ ગયા હતા. હમણાં ફરી એકવાર એથી પણ મોટો અગ્નિકાંડ સરજાયો જેમાં ગરીબ મજૂરોએ મોટી સંખ્યામાં જીવ ગુમાવ્યા છે. શું આવી હોય ગુનિયાની શ્રેષ્ઠ અને સૌથી મોટી લોકશાહી ગણાતા દેશની રાજધાની ? અનાજ મંડીના ગેરકાયેદસર મકાનોમાં ગેરકાયદેસર ફેકટરીઓ ધમધમતી હોય, રોજીરોજીની શોધમાં બિહારના અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા મજૂરો પંદર-પંદર કલાક પરસેવો વહાવી એવાં મકાનોમાં જ રાતવાસો કરતા હોય, એક એક રૂપમમાં પંદર વીસ માણસો સૂઈ જતાં હોય અને એકાએક આગ ફાટી લાગી જાય. આ તે કેવી દુર્દશા ! માણસ જેવા માણસની આ કેવી ક્રૂર મશ્કરી ! પ્રાણી હોય તો ખીલો તોડીને ભાગે, જંગલમાં દવ લાગે તો પશુપંખી વેળાસર જંગલ છોડી જાય. આ માનવી કે જે છેક ચંદ્ર અને મંગળ પર પણ મૂકી આવી શકે છે એ આગમાં ભડથું બની જાય, કાર્બન ડાયોકસાઈડ જેવા જેરી વાયુથી ગૂંગલાઈને દમ તોડી દે,એ કેવી વિડંબના ! એકાદ મકાન માલિક કે ફેકટરીવાળાને પકડીને જેલમાં પૂરી દેવાથી શું આ સમસ્યાઓ કાયમી ઉકેલ થઈ જવાનો છે ? દિલ્હીની વાત છોડો, ભોપાલ ગૅસ કાંડમાં શું થયેલું ? આ છે આપણા આઝાદ ભારતની રામભરોસે તસવીર. મંદિર-મસ્જિદ કે ગાય-ભેંસના મુદ્દે, વિશ્વસ્તરે લોકપ્રિય બની જવાની ધખના સાથે દિલ્હી કરતાં વધુ વખત વિદેશની ધરતી પર ગાળતા નેતા કે અધિકારીઓ કઠોર વાસ્તવ કયારે સમજશે? બંધારણમાં સૌથી પહેલો મૂળભૂત અધિકાર અપાયો છે તે છે 'જીવવાનો અધિકાર'. શું આ અધિકાર દેશનો આમ નાગરિક સાચા અર્થમાં ભોગવી શકે છે ? જો નહીં, તો એ માટે કોણ જવાબદાર છે ? છાશવારે બનતા અગ્નિકાંડ સહિતના બનાવોમાં આમ નાગરિકો કતલખાને રહેંસાતાં અબોલ જાનવરોની જેમ રહેંસાતાં રહે છે. માણસ જીવવા માટે વહાલું વતન છોડી દિલ્હી જેવા રાજધાનીના શહેરમાં આવી કાળી મજૂરી કરે છે અને પછી એક દિવસ ચણામમરાની માફક ઊંઘમાં ને ઊંઘમાં ભૂંજાઈ જાય છે. શું ભારતીય નાગરિકની જિંદગી આટલી સસ્તી છે? દિલ્હીના અનાજમંડી અગ્નિકાંડે આવા તો કેટકેટલા પ્રશ્નાર્થો સર્જ્યા છે જેનો જવાબ આપવાની નૈતિક હિંમત નથી કોઈ રાષ્ટ્રીય નેતામાં કે નથી એનો ઉકેલ આણવાની પ્રજાકીય જાગૃતિ. નાગરિક ધર્મ સમજનાર નાગરિક કયારેય આવા ગરીબ લોકોને પોતાના સ્વાર્થ ખાતર આવી જોખમી જગ્યામાં ગોંધી રાખવાનું પસંદ ન જ કરે. વિચારતા કરી મૂકી એવી દુર્ઘટના ઘટી છે અને તે પણ ધરાર દિલ્હીની હૃદયસ્થળી જેવા વિસ્તારમાં.

# બોલી તો અનમોલ હૈ...



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'તારે કૃતાર્થના ઘરે જવું હોય તો તને એ ખબર છે? કેટલું બધું દૂર છે બેટા ?'

કવિને એના મિત્રની દીકરી રુચાએ કહ્યું. રુચાએ જવાબ આપ્યો કે, 'મને એટલી ખબર છે કે મારે કૃતાર્થ અંકલના ઘરે જવું છે બસ...'

'તો તારે જવું હોય ત્યારે કહેજે, હું તને મૂકી જઈશ, હું એના ઘરે નહિ આવું, સાંજે હું લઈ જઈશ અથવા તું ટેક્સી કરીને આવી જજે.' કવિને કહ્યું તો રુચાએ આંખોમાં આંખો મેળવીને પૂછ્યું, 'કેમ તમે નહીં આવો ? પપ્પા તો કહેતા હોય છે કે તમે અને કૃતાર્થ અંકલ બેસ્ટ ફ્રેન્ડ છો.' જવાબમાં કવિને કહ્યું 'એક સમયે હતા, હવે નહીં, પણ તું એ બધામાં ના પડ, જવું હોય ત્યારે કહેજે...' અને રુઆએ કહ્યું, 'ના હવે હું તમને નહિ કહું, મારી રીતે જ ટેક્સી કરીને જઈ આવીશ.' સંવાદ તો અહીં પુરો થયો પણ રુચાએ વ્યથા અનુભવી કે આવું કેમ ? આખરે જયારે એ એના પપ્પાને મળી ત્યારે પુરી વાત જાણવા મળી.

કૃતાર્થ અને કવિન હાઈસ્કૂલથી સાથે ભણ્યા... ધોરણ બારની પરીક્ષામાં સાથે જ અભ્યાસ કર્યો. બંનેએ ખુબ સારા માર્કસ આવ્યા. પરિણામ બાદ અમદાવાદની જાણીતી આર્કિટેકટ ઈન્સ્ટીટયુટમાં બંનેએ સાથે જ પ્રવેશ લીધો. એ દાયકો હતો ૧૯૯૦નો અને અંતિમ વર્ષો હતા એ દાયકાના.

કૃતાર્થ ખુબ સારો ચિત્રકાર પણ હતો. સ્વયંભૂ રીતે, કોઈ જાતની તાલીમ વિના એની હથરોટી હતી ઉત્તમ ચિત્રો બનાવવાની. આર્કીટેક્ટના અભ્યાસમાં એનો આ ચિત્રકલાનો શોખ ઉપયોગી પણ થતો હતો. એ જયારે જયારે ચિત્ર દોરે ત્યારે ત્યારે ચિત્રોને બતાવે અને અભિપ્રાય પુછે. આ મિત્રોમાં અમદાવાદનો એનો જીગરી કવિન તો ખરો જ, ઉપરાંત સુરતનો રીતેશ અને શિવાની, રાજકોટના પિયુષ અને ઈન્દોરનો રચિત પણ ખરા. બદ્ધા જ એના ચિત્રોની સરાહના કરે, પીઠ થાબડે પણ કવિન કયારેય વાહ ન કહે... ઉલટો કહે કે, 'તું ચિત્રકાર બનવા કરતા તારા આર્કીટેક્ટના અભ્યાસમાં ધ્યાન આપને ભાઈ...' બંને વચ્ચે આણ મીઠો ઝઘડો ચાલે... પણ એકવાર આવી જ ઘટના બની. કૃતાર્થે ચિત્ર બતાવ્યું અને કવિન કહે સાવ બોગસ છે યાર... 'બસ એ પળે શું થયું ખબર નહિ... બીજી કોઈ દલીલ ચર્ચા-ઝઘડા વિના બંને વચ્ચે અબોલા શરૂ થયા.'

ભણવાનું પૂરું થયું... પાર્ટી થઈ... ગેટ ટુ ગેધર થયા... ઘણાએ પ્રયત્નો કર્યા પણ વાત આગળ ના વધી... બંને એક જ શહેરમાં રહે... બંને વચ્ચે પારિવારિક સંબંધો હતા તો પુરેપૂરો ૨૩ વર્ષ મૌનમાં પડઘાતા રહ્યા. આખરે રુચાએ નક્કી કર્યું કે આ બંનેના અબોલા તોડવા છે.

એક દિવસ એના પપ્પાના ફોનમાંથી કૃતાર્થને ફોન જોડ્યો વાતો કરી... ને એક મિનિટ તમારા મિત્રને આપું છું કહીને કવિનને આપ્યો. બંનેએ વાતો કરી.... સાંજે મળીએ ? તો કહે મળીએ... સહુ મળ્યા... પરિવારોમાં આનંદ છવાયો... મનભરીને ગુસ્સો ઠાલવ્યો. કૉલેજ લાઈફની જેમ જ તોફાન - મસ્તી કર્યા. સૌથી વધુ રાજી હતી રુચા... જે ૨૩-૨૩ વર્ષોના અબોલા તોડવામાં મિત્રો વચ્ચે અકારણ ઊભી થયેલી દિવાલ તોડવામાં નિમિત્ત બની હતી.

●●●

મિત્રોની મૈત્રી શબ્દોની મોહતાજ નથી હોતી પણ કયારેક બોલાયેલા શબ્દો અથવા કોઈ હેતુ વિના થયેલું વર્તન એકબીજા વચ્ચે એવી ગેરસમજ ઊભી કરે છે કે બંનેની મૈત્રી થંભી જાય છે...

એટલે જ કહેવાયું છે 'બોલી તો અનમોલ હૈ... પણ મિત્રો-મિત્રો વચ્ચે સાહજિક એવી મસ્તીમાં સંબંધો સ્થિર થાય છે. પછી કયારેક કોઈ ત્રીજી વ્યક્તિ આવે છે વચ્ચે જે બંને વચ્ચેની દિવાલ પ્રેમના બાણથી તોડે છે અને લાગણીના ઘોડાપુર વહે છે... ફરી મૈત્રી જીવંત થાય છે, ફરી પ્રેમના ફૂલો ખીલે છે, ફરી મૈત્રીના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.'

# રઘુરાજપુર-એક અલભ્ય કળાની ધરોહરને સાચવીને બેઠેલું ઓરિસ્સાનું અજોડ ગામ



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

ઓડિશા પ્રદેશની સફરનો છેલ્લો પડાવ આવી પહોચ્યોં હતો, પૂરીથી આશરે ૪૦ કિ.મી. દૂર ચિલ્કા સરોવર છે. ઓડિશાની દયા નદી બંગાળના અખાતમાં જ્યાં ભળે છે. તે મુખત્રિકોણમાં આવેલું ચિલ્કા સરોવર તેની વૈવિધ્ય સભર જીવસૃષ્ટિને કારણે વિશ્વપ્રસિદ્ધ છે. ઓડિશાના પુરી, ગંજમ અને ખૂર્દ જિલ્લામાં ૧૧૦૦ ચોરસ કિલોમીટરના ઘેરાવામાં ફેલાયેલું આ તળાવ વિશ્વના બીજા નંબરનું સૌથી મોટું લગુન છે. લગુન એટલે દરિયાના નજીક બનેલું છીછરુ તળાવ.

આ સરોવરમાં લગભગ ચાર-પાંચ કલાક સુધી નૌકા વિહાર કરવાની મજા જ અલગ છે. વિશાળ સરોવર અને તેમા અલગ અલગ ટાપુ પર ચા અને ગરમ ગરમ મેગીની લિજ્જત માણવી એ એક લ્હાવો છે.





ડોલ્ફિન જોવાની તો ખૂબ સમય સુધી રાહ જોવી પડે છે. આખરે જોવા તો મળી પરંતુ એક ઝલક માત્ર. પણ એ એક ઝલક પણ રોમાંચિત કરી દેનારી હતી.

ત્યાં ટાપુ પર છીપલામાંથી આપણી નજર સામે જે રીતે મોતી નીકળતા જોઈએ તે અવિસ્મરણીય ઘટના હતી. પન્ના, મોતી અને નીલમ જેવા રત્ન ત્યાં જોવા મળે છે. જોકે તેની સત્યતા અને ખરાઈ તો કોઈ જાણકાર જ જણાવી શકે. પણ એક નવો જ અનુભવ રહ્યો.

પુરીથી ભુવનેશ્વર જતા વચ્ચે અમે રઘુરાજપુર નામક એક સુંદર ગામ જોયું...અને અનુભવ્યુ કે જો અહીં ન આવ્યા હોત તો આ યાત્રા અધુરી જ લાગત. આ ગામ નાળિયેરના હારબંધ વૃક્ષોની વચ્ચેથી પસાર થતાં નયનરમ્ય વાતાવરણને વળોટીને જવાય છે. ચારેબાજુ હરીયાળા ખેતરો અને નાની નાની તળાવડીઓ વચ્ચે દેખાતા બગલાં, બપૈયા જોવાની મજા જ નિરાળી રહી.

ઓડિશા રાજ્યનું પુરાતત્વ હસ્તકલા ગામ છે, પુરીથી ૧૦ કિલોમીટર અને રાજ્યની રાજધાની ભુવનેશ્વરથી ૫૫ કિ.મી.દૂર આ ગામમાં લગભગ ૧૦૦ જેટલા મકાનો છે અને લગભગ દરેક જણ એક કારીગર છે. તેઓ પત્તાચિત્ર ચિત્રકારો છે, જે એક આર્ટ ફોર્મ છે જે પરંપરા ઈ.સ. પૂર્વે ૫મી સદીથી ચાલે છે. તેઓ પરંપરાગત માસ્ક, પથ્થરની મૂર્તિઓ, કાગળના માશે, શિલ્પો, લાકડાના રમકડા પણ બનાવે છે.આમાંથી કેટલાક કલાકારોએ તેમના અપવાદરૂપ કાર્ય માટે રાષ્ટ્રીય પુરસ્કારો પણ જીત્યાં છે. રઘુરાજપુરને ઓડિસી નૃત્ય સ્વરૂપના પ્રખ્યાત ઘોષણા કરનાર કેલુચરણ મોહપત્રાનું જન્મસ્થળ હોવા માટે પણ ઓળખવામાં આવે છે.

૧૯૯૮ માં, ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (INTACH) એ બે વર્ષનું સંશોધન કર્યુ અને આ ગામને હસ્તકલા ગામ તરીકે વિકસિત કરનારા પ્રથમ ગામ તરીકે વિકસિત કરવા માટે પસંદ કરવામાં આવ્યું. તેઓએ પરંપરાગત તકનીકીઓનું પુનર્નિર્માણ કરવા અને તેમના કલાત્મક કલાઓમાં તેમને રોપવા માટે ગ્રામજનોને તાલીમ આપી. તેઓએ ચૂનો, રેતી, જૂટ, દાળ, દાળ, દહીં, કેસિન અને ત્રિફલા અને બેલ જેવી સ્થાનિક ઔષધિઓથી બનેલા પ્લાસ્ટરને કેવી રીતે તૈયાર કરવું તે શીખ્યા.

અહીં દંડસાહી, નાયકપન્ત્તા અને ખાસોસક જેવા પડોશી ગામો પણ છે જે આ કામમાં પણ શામેલ છે.

પટ્ટાચિત્ર પેઈન્ટિંગ્સ કાપડના ટુકડા પર બનાવવામાં આવે છે જે પટ્ટા અથવા સૂકા ખજૂર તરીકે ઓળખાય છે, જે પ્રથમ ચાક અને ગમના મિશ્રણથી દોરવામાં આવે છે. ત્યારબાદ તૈયાર સપાટી ઉપર, વિવિધ ભગવાન, દેવીઓ અને ફૂલો, વૃક્ષો અને પ્રાણીઓના આભૂષણવાળા પૌરાણિક દ્રશ્યોના રંગીન અને જટિલ ચિત્રો દોરવામાં આવ્યા છે.

તુસાર સાડીઓ પરના ચિત્રો, ખાસ કરીને સંથલપુરી સાડી પર મથુરા વિજય, રાસલીલા અને અયોધ્યા વિજયને દર્શાવતા, તેમના મૂળને 'રઘુરાજપુર પત્તાચિત્ર ચિત્રો' દોરે છે.

આ જ ગામનાં કલાકારો દર વર્ષે ભગવાન જગન્નાથની કાષ્ઠમૂર્તિઓને ફરી સુંદર રંગ ભરીને સજાવે છે, આ ખાસ પરંપરા આજે પણ ચાલતી આવે છે.

નાળીયરના કોચલા પર બનાવેલ ચિત્રો તેમા પૂરેલા રંગોનું સાયુજ્ય આપણાં ચિત્તને જ હરી લે છે. ખાસ તો આ જે પરિવાર છે તે વર્ષોથી પેઢી દર પેઢી આ કલાને આગળ ધપાવી રહી છે. અર્જુન પુષ્ટીકરનાં પરીવારમાં અત્યારે તેના બે પુત્રો આ વિરાસત આગળ ધપાવી રહ્યા છે. બલરામ કે જે તેમનો નાનો દિકરો છે, તેણે જણાવ્યું કે તેમના માતાજી,ભાઈ પિતા દરેક આ કળામાં પારંગત છે. આ ચિત્રો બનાવવામાં અને તેમા રંગ ભરવા માટે તેઓ કુદરતી રંગોનો ઉપયોગ કરે છે. જેમાં દાડમની છાલ, ગળી, ચુનો, વિભિન્ન પથ્થરો ને ઘસીને બનાવાતુ દ્રાવણ અને તેના પ્રયોગથી જ આ ચિત્રો બનાવવામાં આવે છે. એક ચિત્રનું મૂલ્ય પણ આ જ કારણોસર વધી જાય છે.

રઘુરાજપુરમાં પ્રભાવશાળી નૃત્યની પરંપરા છે તે હકીકત એ છે કે ઘણીવાર પડછાયાઓ થાય છે. (આ મનોહર નૃત્યને ઓડિસી શાસ્ત્રીય નૃત્યનો પુરોગામી માનવામાં આવે છે. તે યુવાન છોકરાઓ દ્વારા રજૂ કરવામાં આવે છે જે મહિલાઓનો પોશાક કરે છે અને ભગવાન જગન્નાથની પ્રશંસા કરવા માટે બજાણકામ કરે છે).

પદ્મશ્રી મગુની ચરણદાસના માર્ગદર્શન હેઠળ રઘુરાજપુર ખાતે એક ગોતીપુઆ ગુરુકુલ (નૃત્ય શાખા), દસાભુજા ગોતીપુઆ ઓડિસી નૃત્ય પરિષદની સ્થાપના કરવામાં આવી છે. ઓડિસી નૃત્ય સહિત સંસ્કૃતિની વધારાની માત્રા માટે, વાર્ષિક બે દિવસીય વસંત ઉત્સવ દરમિયાન રઘુરાજપુરની મુલાકાત લેવી જોઈએ. આ વસંત મહોત્સવ ફેબ્રુઆરી અથવા માર્ચમાં સાંસ્કૃતિક એનજીઓ દ્વારા યોજવામાં આવે છે.

ભારત એક એવો દેશ છે,જ્યાં કલાકારો નો તોટો નથી. આ અજોડ ગામની મુલાકાત પછી એક દુઃખ થયું કે આ ઉત્કૃષ્ટ કલા અને આ ગામને હજી સુધી જોઈએ તેવી પ્રસિદ્ધિ મળી નથી. દુઃખદ વાત એ છે કે એક સમયે, આ કારીગરોને તેમની કૃતિ વેચીને ટકી ન શકતાં તેઓને કૃષિમાં પ્રવેશવાની ફરજ પડી હતી.

બલરામ જેવા અનેક આશાસ્પદ યુવકો આ અલભ્ય કળાનાં ચોકીદાર બનીને રખોપા કરી રહ્યા છે. પણ તેમને સરકાર અને આપણાં સહયોગની અપેક્ષા છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# ૨૦મી સદીની બેસ્ટ સેલર બુકની લેખિકા રોલીંગના સંઘર્ષમય જીવનની દિલચશ્પ કહાની

**જે પુસ્તકની વિશ્વમાં ૪૦૦ મિલિયન નકલો ચપોચપ વેચાઇ ગઇ અને જેના ઉપરથી આઠ ફિલ્મો બની એને પ્રસિધ્ધ કરવા માટે પહેલાં ૧૨ પ્રકાશકોએ ઇન્કાર કર્યો હતો**



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

'મારા જીવનમાં જેનો સૌથી મોટો મને ડર હતો એ સાચો પડ્યો. હવે હું આઝાદ થઈ ગઈ છું. આગળ વધવા માટે મારી પાસે ત્રણ જ અમુલ્ય કારણો હતાં. પહેલું કારણ જેને હું અનહદ પ્રેમ કરતી હતી એવી મારી દીકરી જેસીકા, બીજું કારણ મારું ટાઈપરાઈટર અને ત્રીજું કારણ એક મજબૂત વિચાર. આ ત્રણ દમદાર કારણોના પાયા ઉપર મેં મારી મુશ્કેલ જિંદગીને સજાવી અને સવારી અને આગળ વધારી.' આ શબ્દો વિશ્વની બેસ્ટ સેલર હેરિ પોટર બુક સીરીઝ લખનાર જે. કે. રોલીંગના છે. એનું આખું નામ જોન





કેથલીન રોલીંગ. આખી દુનિયા એને એક અત્યંત સફળ નવલકથાકારના રૂપમાં જુએ છે. પરંતુ રોલીંગનું બાળપણ અને યુવાની ભયાનક મુશ્કેલીઓ અને સંકટોમાં પસાર થયું છે એ બહુ ઓછા લોકો જાણે છે.

રોલીંગ કહે છે કે, મહેનત, હિંમત અને લગનથી કલ્પનાઓ સાકાર થઈ શકે છે. ભાગ્ય સાહસિકોના ખોળામાં રમતું હોય છે. એક સંકલ્પ મનુષ્યની સાચી તાકાત બની જતો હોય છે. રોલીંગે પોતાની જાતને બખુબી સમજી છે. એણે સંકટોનો તાકાતથી સામનો કરીને સફળતાની સીડી ચઢી છે. બીજાને જાણવા કરતાં પોતાનામાં પડેલી શક્તિઓને રોલીંગે સુપેરે સમજી છે. જ્યારે વ્યક્તિ બીજાના દમ ઉપર ઉડતો હોય છે ત્યારે પોતાની શક્તિઓથી આસમાન સર કરવાનું હુનર એ ભૂલી જાય છે. હોંશિયાર વ્યક્તિ પોતાના અનુભવોથી તાકાત મેળવે છે. એનાથી પણ વધારે અકલમંદ તો એ કહેવાય કે, જે બીજાના અનુભવો ઉપરથી પણ પદાર્થપાઠ પ્રાપ્ત કરીને આગળ વધે.

જે. કે. રોલીંગે પોતાના દમખમ પર આસમાન સર કર્યુ છે. રોલીંગના સંઘર્ષમય જીવનની કહાની ખૂબ દિલચશ્પ અને રોમાંચક છે. ૩૧ જુલાઈ, ૧૯૬૫માં ઈંગ્લેન્ડમાં જોનનો જન્મ થયો. માતા-પિતાના રોજે રોજના કજીયા અને ઝઘડા જોનના બાળમાસન પર શૂળની જેમ ચૂભતા રહેતાં. રાતોની રાતો એ સૂઈ શકતી ન હતી. ટુટીયું વળીને એ ચોંધાર આંસુએ રાતભર રડતી રહેતી. ૧૭ વર્ષે જોને ઘર છોડી દીધું. ઓક્ષફોર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે એણે એન્ટરંસ ટેસ્ટ આપી. અહીં પણ એની કમનસીબીએ એને બરાબર સાથ આપ્યો. એન્ટરંસ ટેસ્ટમાં એ રીઝેક્ટ થઈ. પરિણામે એણે એકસીટર યુનિવર્સિટીમાં અભ્યાસ શરુ કર્યો. ત્યારબાદ એણે માન્ચેસ્ટરના ચેમ્બર ઓફ કોમર્સમાં કામ કરવાનું શરૂ કર્યું.

એક વખત રોલીંગ માન્ચેસ્ટરથી લંડન જઈ રહી હતી. ટ્રેન ચાર કલાક મોડી હોવાથી તે રેલવે પ્લેટફોર્મમાં પર બેઠી હતી. એના મનમાં જાદુગરીનો અભ્યાસ કરતાં એક નાનકડા બાળકની વાર્તાના પ્લોટે આકાર લીધો. લંડન પહોંચીને એણે આ વાર્તાના પ્લોટને કાગળ ઉપર ઉતારવાની શરૂઆત કરી. લેખન કાર્ય શરૂ કર્યુ એના થોડા સમયમાં જ રોલીંગની માતાનું મૃત્યું થયું. એ અત્યંત દુખી થઈ ગઈ. લેખન કાર્ય અટકી ગયું. માના મૃત્યુના દુખને ભુલવા માટે એણે ફરી પાછી કલમ ઉપાડી લખવાની શરૂઆત કરી.

આર્થિક સ્થિતિ ખૂબ કથળી ગઈ હતી. એણે પોર્ટુગલ જઈને અંગ્રેજીની શિક્ષિકા તરીકે નોકરી કરીને જીવન નિર્વાહ શરૂ કર્યો. નોકરીનો સમય સાંજનો રાખ્યો અને દિવસ દરમિયાન લેખન કાર્યમાં એ વ્યસ્ત રહેતી. એ જ સમયગાળામાં એને પોર્ટુગલમાં જ્યોર્જ નામના એક જર્નાલિસ્ટ સાથે પ્રેમ થઈ ગયો. ૧૬, ઓકટોબર ૧૯૮૨માં જ્યોર્જ અને જોને લગ્ન કર્યા. વર્ષ ૧૯૯૩માં એક દીકરી જન્મી. જોન બાળપણમાં જેસીકાની આત્મકથા વાંચીને ખૂબ પ્રભાવિત થઈ હતી. એણે જેસીકાના તમામ ઉપન્યાસ વાંચ્યા હતા. એણે દીકરીનું નામ પણ જેસીકા જ રાખ્યું. મુશ્કેલીઓ રોલીંગનો પીછો જ છોડતી ન હતી. જ્યોર્જ સાથે સહજીવન બરાબર ન ચાલતાં એણે જેસીકાના જન્મ બાદ ૧૯૯૩માં જ્યોર્જ સાથે છૂટાછેડા લઈ લીધાં. જોન જસીકાને લઈને એની બહેનના ઘરે જતી રહી. જો કે આ સમગ્ર સમયગાળા દરમિયાન રોલીંગે હેરી પોટરના ત્રણ પ્રકરણો તો પુરા કરી દીધા હતાં.

એક બાજુ લગ્ન વિચ્છેદ, બીજી બાજું કામનો અભાવ વળી નાનકડી દીકરીની જવાબદારી અને આર્થિક મુશ્કેલીઓ. ચારેબાજુથી ઘેરાયેલી રોલીંગ અત્યંત ડિપ્રેસ થઈ ગઈ હતી. એક તબક્કે તો આપઘાત કરવાનો કુવિચાર પણ તેને આવી ગયો. ફૂલ જેવી જેસીકાને જોઈને એનું મન પાછું પડી ગયું. લેખન કાર્ય તો સતત ચાલતું જ રહ્યું. હેરી પોટર સીરીઝનું પહેલું પુસ્તક 'હેરી પોટર એન્ડ ધ ફીલોસોફર્સ સ્ટોન 'નું લેખન કાર્ય પૂર્ણ થયું. એના જુના ટાઈપરાઈટર ઉપર ટાઈપ કરીને આ પહેલી નવલકથા પ્રસિદ્ધ કરવા માટે પહેલાં ૧૯૯૫માં એણે ૧૨ પ્રકાશકો પાસે મોકલી. કમનસીબીની ચરમસીમા તો એ હતી કે આ તમામ પ્રકાશકોએ એના પુસ્તકને છાપવાનો સોય ઝાટકીને ઈનકાર કરી દીધો. બરાબર એક વર્ષ પછી બ્લુમ્સ બેરી પ્રકાશન હાઉસે ' હેરી પોટર એન્ડ ધ ફીલોસોફર્સ સ્ટોન 'નુંપ્રકાશન કરવાનું નક્કી કર્યું. પરંતુ પ્રકાશન કરતાં પહેલાં પ્રકાશકે રોલીંગને સલાહ આપી કે, ' તું લેખન કાર્ય છોડીને કોઈ બીજું કામ શરૂ કરી દે તો સારું. ' ૨૬ જૂન ૧૯૯૭માં આ પુસ્તક રીલીઝ થયું. અને પછી તો આ પુસ્તકે ઈતિહાસ સર્જ્યો. ૨૦૦૧માં રોલીંગે ડો. નીલ મુરે સાથે બીજા લગ્ન કર્યા. ૨૦૦૩માં પુત્ર ડેવીડ ગોર્ડનને જન્મ આપ્યો. રોલીંગના બીજા લગ્ન પણ સફળ ન રહ્યાં.

રોલીંગે જિંદગીની ઝંઝાવાતોની સામે બાથ ભીડીને પણ તેનું લેખન કાર્ય સતત ચાલુ રાખ્યું. એક પછી એક હેરિ પોટરના સાત પુસ્તકોની સીરીઝ લખાઈ. એની ઉપરથી આઠ બ્લોક બસ્ટર ફિલ્મો બની. હેરી પોટર સીરીઝની ૪૦૦ મિલિયનથી વધુ નકલો વેચાઈ. ૨૦મી સદીમાં સૌથી વધુ વેચાયેલા પુસ્તકમાં હેરી પોટરની ગણના થાય છે. જોકે ડેન બ્રાઉનની 'ધ વિંચી કોડ' હેરી પોટર કરતા એક કદમ આગળ છે. એક બિલિયન ડોલર રોલીંગને હેરિ પોટર સીરીઝમાંથી પ્રાપ્ત થયાં. રોલીંગ ઈંગ્લેન્ડની મહારાણી કરતાં પણ વધુ સંપત્તિવાન બની ગઈ. રોલીંગ ગરીબાઈમાંથી આગળ આવી હોવાને કારણે ગરીબોના દુઃખ દર્દને એણે સુપેરે અનુભવ્યાં હતાં. એણે ૧૬ કરોડ ડોલર ચેરીટીમાં આપી દીધા. સફળ બનવા માટે માત્ર એક ટેલેન્ટ કાફી છે. રોલીંગ પાસે લખવાની કળા હતી. આ કળાને ઓળખવાની એનામાં શક્તિ હતી. જેને પોતાની ટેલેન્ટ પર વિશ્વાસ છે એને લક્ષ્ય સુધી પહોંચતા કોઈ રોકી શકતું નથી. રોલીંગની કહાની જોઈને પેલી પ્રચલિત પંક્તિ યાદ આવે કે, 'મંઝિલ ઉસી કો મિલતી હે, જીન કે સપનો મેં જાન હોતી હૈ, પંખો સે કુછ નહીં હોતા, હોંસલે સે ઉડાન ભરી જાતી હૈ...'

અનુસંધાન પાના નં ૭ પર